લીડર,શિક્ષક,નિઃસ્વાર્થ,નિપુણ,સેવાભાવી,સહયોગી,સરપંચ,સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
ગુજરાત ટુડે
GUJARAT TODAY
Ahmedabad
18-FEB-2024
SUNDAY
www.gujarattoday.in
GUJARAT TODAY

# કે.પી. ગ્રુપના સી.એમ.ડી. ડૉ.ફારૂક પટેલને આંત્રપ્રિન્યોર ઓફ ધ યરનો એવોર્ડ




## કે.પી. ગ્રુપને ફાસ્ટેટ ગ્રોવિંગ કંપનીનો એવોર્ડ

સુરત, તા.૧૭

રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં દેશમાં ડંકો વગાડી રહેલા સુરત સ્થિત ગ્રુપ કે.પી.ગ્રુપના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર ડૉ. ફારૂક જી.પટેલને આંત્રપ્રિન્યોર ઓફ ધ યરનો એવોર્ડ અને તેમના ગ્રુપના ફાસ્ટેટ ગ્રોવિંગ કંપનીનો એવોર્ડ એનાયત કરાયો છે. મુંબઈની તાજ લેન્ડસ એન્ડ હોટલમાં તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ આયોજિત કાર્યક્રમમાં આ એવોર્ડ ૨૨મી ગ્લોબલ એડિશન એવોર્ડ-૨૪માં એનાયત કરાયો હતો. કે.પી.ગ્રુપની બે કંપની કેપીઆઈ ગ્રીન એનર્જી અને કેપી એનર્જી સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ છે અને બંને કંપનીનું પ્રદર્શન ખૂબ જ બહેતર છે. હાલમાં બંને કંપનીની મળીને માર્કેટ કેપ જોઈ તો ૧૦ હજાર કરોડથી વધુ છે. કંપનીએ સોલાર અને વિન્ડ પાવર મળીને ૧.૧ ગીગાવોટ્સનો પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે અને ૧.૩ મેગાવોટ્સના પ્રોજેક્ટ પાઈપલાઈનમાં છે. કંપની ૨૦૩૦ સુધીમાં ૧૦ ગીગાવોટ્સના પ્રોજેક્ટ નાંખવાના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે. એવોર્ડ સ્વીકારતા ડૉ. ફારૂક પટેલે કહ્યું હતું કે, કંપનીની પ્રગતિની સરાહના વિશ્વસ્તરે થઈ રહી છે તેનો મને આનંદ છે. આ રીતના એવોર્ડ અમને આગળ વધવા માટે મોટીવેટ કરે છે. કંપની આગામી દિવસોમાં અનેક આયામો સર કરશે તેનો મને આશાવાદ છે.

## સંક્ષિપ્ત સમાચાર

# કેપી ગ્રુપને ફાસ્ટેસ્ટ ગ્રોવિંગ કંપની અને તેના સીએમડી ડો. ફારુક પટેલને એન્ટરપ્યુનર ઓફ ધ યરનો એવોર્ડ




સુરતઃ રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં દેશમાં ડંકો વગાડી રહેલા સુરત સ્થિત ગ્રુપ કેપી ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ફારુક જી. પટેલને એન્ટરપ્યુનર ઓફ ધ યરનો એવોર્ડ અને તેમના ગ્રુપના ફાસ્ટેટ ગ્રોવિંગ કંપનીનો એવોર્ડ એનાયત કરાયો છે. મુંબઈની તાજ લેન્ડસ એન્ડ હોટલમાં તા. 17 ફેબ્રુઆરી 2024ના રોજ આયોજિત કાર્યક્રમમાં આ એવોર્ડ 22મી ગ્લોબલ એડિશન એવોર્ડ-24માં એનાયત કરાયો હતો. કેપી ગ્રુપની બે કંપની કેપીઆઈ ગ્રીન એનર્જી અને કેપી એનર્જી સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ છે અને બંને કંપનીનું પ્રદર્શન ખૂબ જ બહેતર છે. હાલમાં બંને કંપનીની મળીને માર્કેટ કેપ જોઈ તો 10 હજાર કરોડથી વધુ છે. એવોર્ડ સ્વીકારતા ડો. ફારુક પટેલે કહ્યું હતુ કે, કંપનીની પ્રગતિની સરાહના વિશ્વસ્તરે થઈ રહી છે તેનો મને આનંદ છે. આ રીતના એવોર્ડ અમને આગળ વધવા માટે મોટિવેટ કરે છે. કંપની આગામી દિવસોમાં અનેક આયામો સર કરશે તેનો મને આશાવાદ છે.